જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૨/૨૦૨૨ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૭૭/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૩૯૯૬	૬૬	૮૪૦૬૨	૮૪૯૭૦	૫૯	૮૫૦૨૯
કુલ		૧૦૦૬૦૪	૬૬	૧૦૦૬૭૦	૧૦૯૫૦૭	૫૯	૧૦૯૫૬૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૦	૪,૮૩,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૨	૧,૮૨,૦૦૦/-

રાણીપ પોલીસ સ્ટેશન :

રીક્ષા ડ્રાઇવરની પ્રામાણીકતાને બિરદાવતી રાણીપ પોલીસ

ગત તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ એક રીક્ષા વાહન નંબર GJ-01-TE-8417 ના ડ્રાઇવર નામે અબ્દુલ કાદર અહેમદભાઇ રહે. મકાન નંબર-૩ ગેટ ગુલજાર પાર્ક સરખેજ રોડ જુહાપુરા અમદાવાદ શહેર મો: ૯૫૭૪૨૮૪૮૧૪ નાઓ પોતાની ઓળખ આપી હાથમા એક બેગ સાથે રાણીપ પોલીસ સ્ટેશન ખાતે આવેલ અને જણાવેલ કે એક હેન્ડીકેપ પેસેન્જર દાણાપીઠ કોઠા રાયખડ ખાતે થી પેસેંજર તરીકે બેસેલ અને મારી રીક્ષા સ્પેશીયલ કરી રાણીપ ગીતા એપાર્ટમેન્ટ ખાતે લઇ ગયેલ હતા. જે હેન્ડીકેપ વ્યક્તિ પોતાની બેગ મારી રીક્ષામા ભુલી તેમના ઘરે ઉતરી ગયેલ છે અને રીક્ષા ચાલક પોતાના ઘરે પહોચી અને રીક્ષામાં જોતા પેસેન્જરની એક બેગ ભુલાઇ ગયેલ હોય જે બેગ લઇ રીક્ષા ચાલક રાણીપ પો.સ્ટે ખાતે ખાતે આવેલ અને હાજર પોલીસને ભુલાઇ ગયેલ બેગ બાબતે માહીતી આપતા બેગ ખોલી તપાસતા તેમા રોકડા રૂપીયા ૧૫૦૦૦/- તથા બેન્ક પાસબુક, તથા સહીવાળા કોરા ચેક હતા. જે માહીતી આધારે રાણીપ પોલીસ સ્ટેશન ના સ્ટાફ દ્વારા તેના મૂળ માલિક ની તપાસ કરાવતા સદર બેગના માલીક અશોકકુમાર નટવરલાલ રહે. ઘર નંબર ૨૯/૪૧૨ વિભાગ-૦૨ ગીતા એપાર્ટમેન્ટ રાણીપ અમદાવાદ શહેર મો.૮૪૦૧૮૫૧૦૧૬ ના હોવાનુ જણાઇ આવેલ જેઓ ને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે બોલાવી તેમને મુળ ચીજવસ્તુઓની ખરાઇ કરાવી તેઓના રોકડા રૂપીયા ૧૫૦૦૦/- તથા બેન્ક પાસબુક, તથા સહીવાળા કોરા ચેક રીક્ષા ડ્રાઇવરના હાથે મુળ માલીકને સુપ્રત કરેલ છે. આમ એક સામાન્ય રીક્ષા ડ્રાઇવર કે જે રીક્ષા ચલાવી પોતાનુ તથા પોતાના પરિવાર નુ ગુજરાન ચલાવી રહેલ છે તેમના દ્વારા કોઇ પણ પ્રકાર ના લોભ કે લાલચ વિના નિસ્વાર્થ ભાવે અપંગ પેસેન્જરનો રીક્ષામા ભુલાઇ ગયેલ બેગ મુળ માલીકને પરત આપી ને આજ ના જમાના મા અને સમાજ મા સચ્ચાઇ અને ઇમાનદારી નુ ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરુ પાડેલ છે જે સૌને પ્રેરણાદાયી બની રહેશે. સદર રીક્ષા ચાલક શ્રી અબ્દુલ કાદર અહેમદભાઇ નાઓને રાણીપ પોલીસ પરિવાર દ્વારા તેમજ મુળ માલિક દ્વારા શુભેચ્છા પાઠવી પ્રોત્સાહન રૂપે રોકડ ઇનામ આપવામા આવેલ હતુ.



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૭૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૧૩૦ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૮,૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૭૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ ચોરીઃ- **સમાચાર યાદી નં.૩૮૦/૨૦૨૨**

સરખેજઃ ઓમવીરસિંગ વિજેન્દ્રસિંગ ચૌહાણ (ઉ.વ.૩૩)(રહે.કૈલાશનગર સોસાયટીની સામે, ડાયમંડ સ્કુલની પાસે, સપના સિનેમા પાછળ સરખેજ) એ તા.૨૪/૦૨/૨૦૨૨ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૨/૨૦૨૨ ના કલાક ૮/૩૦ થી તા.૨૦/૦૨/૨૦૨૨ ના કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન સરખેજ સાણંદ સર્કલ સિગ્નેચર-૨ બાજુમાં આણંદ એસ્ટેટમાં આવેલ બ્લેન્ક કોર્પોરેશન નામની કંપનીના ગોડાઉનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, "સોરી પોલેક્ષ" કંપનીનુ ફલોર પોલીસ કરવાનુ મશીન કિંમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૩૮૧/૨૦૨૨**

મણીનગરઃ દ્વીજભાઇ હીતેશભાઇ શાહ (ઉ.વ.૨૪)(રહે.પુજા ફ્લેટ, વૃંદાવન કોલોની, રામબાગ ચાર રસ્તા, મણીનગર) એ તા.૨૪/૦૨/૨૦૨૨ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૨/૨૦૨૨ ના કલાક ૦૭/૦૦ થી ૦૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘરમાંથી એપલ કંપનીનો આઇફોન ૧૨ મેક્ષ પ્રો.મોડલનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/-, રોકડ રૂપિયા ૨૩,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજો ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૮૨/૨૦૨૨**

વાડજઃ જીતેન્દ્રભાઈ લવજીભાઈ વાજા (ઉ.વ.૩૫)(રહે.કૃષ્ણનગર સોસાયટી નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૨/૨૦૨૨ ના કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા બપોરના ૩/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ જીતેન્દ્રભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

શહેરકોટડાઃ રામકુમાર છવીરામ યાદવ (ઉ.વ.૩૦)(રહે.રાજહંસની ચાલી, પ્રેમનગર, મેમ્કો, શહેરકોટડા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૨/૨૦૨૨ ના કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં પ્લાસ્ટિકની ખાટલામાં બાંધવાની પટ્ટી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અશોકકુમાર રમેશભાઇ ચલાવે છે.

મેઘાણીનગરઃ અશોકભાઈ પોપટભાઈ પટણી (ઉ.વ.૩૭)(રહે.શાંતીસાગરના છાપરા છેલ્લા બસ સ્ટેન્ડ પાસે, મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૨/૨૦૨૨ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે એસિડ પી લેતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૨/૨૦૨૨ ના કલાક ૨/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.